 ISSN: 2349-6002

# સાંસ્કૃતિક ઉદ્યોગસાહસિકતા: એક ઐતિહાસિક અધ્યયન

ડૉ.વિજયભાઈ એમ. કંટારીયા

*શામળદાસ આર્ટસ કોલેજ, ઇતિહાસ વિભાગ, મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી, ભાવનગર*

સારાંશ- ભારતીય સંસ્કૃતિએ વિશ્વની સંસ્કૃતિઓમાંની એક સંસ્કૃતિ છે. આ સંસ્કૃતિનો ઈતિહાસ ભવ્ય છે. સમાજગત વારસો એ સંસ્કૃતિના વિકાસની ચાવી છે. તેમાં વંશપરંપરાથી આવેલ કલા, રાચરચીલું, વસ્તુના ઉત્પાદનની વિશિષ્ટ પર્ક્રિયાઓનો સમાવેશ થાય છે. "સાંસ્કૃતિક ઉદ્યોગસાહસિકતા એ એવી ઉદ્યોગસાહસિક પ્રવૃત્તિ છે, જેમાં વ્યક્તિ કે સંગઠન પોતાની સંસ્કૃતિ, કલા, પરંપરા, ભાષા, સાહિત્ય, હસ્તકલા, સંગીત, નૃત્ય અને અન્ય સર્જનાત્મક પ્રવૃત્તિઓનો ઉપયોગ કરીને નવો વ્યવસાય ઉભો કરે છે અથવા સામાજિક અને આર્થિક પરિવર્તન લાવે છે." સાંસ્કૃતિક ઉદ્યોગસાહસિકતાના કૌશલ્યોમાં સર્જનાત્મકતા અને નવીનતા, વ્યવસાયિક જ્ઞાન, સંચાર અને પ્રસ્તુતિ કૌશલ્ય, ડિજિટલ કૌશલ્ય, સમસ્યા હલ કરવાની કુશળતા જેવી ઘણી બધી બાબતોનો સમાવેશે થાય છે. આ સાંસ્કૃતિક ઉદ્યોગસાહસિકતામાં ગુજરાતના વસ્ત્રો, ઘરેણાં અને સૌંદર્યપ્રસાધન, ગુજરાતનું કાષ્ઠશિલ્પ, લોકભરત અને મોતી પરોવણની કળા જેવી સ્થાનિક પરંપરાને વિશ્વફલક સુધી એક નવું રૂપ આપી અને ડિજિટલ માધ્યમો દ્વારા આવકનો એક મોટો સ્ત્રોત ઉભો કરવામાં આવ્યો છે. આપણી પ્રાચીન સંસ્કૃતિને વ્યાપારના એક માધ્યમમાં ફેરવી આજે આર્થિક ઉપાર્જનની સાથે સાથે સંસ્કૃતિને જાળવવાનું કાર્ય થઈ રહ્યું છે.

## 1.1. પ્રસ્તાવના

ભારતીય સંસ્કૃતિએ વિશ્વની સંસ્કૃતિઓમાંની એક સંસ્કૃતિ છે. આ સંસ્કૃતિનો ઈતિહાસ ભવ્ય છે. સમાજગત વારસો એ સંસ્કૃતિના વિકાસની ચાવી છે. તેમાં વંશપરંપરાથી આવેલ કલા, રાચરચીલું, વસ્તુના ઉત્પાદનની વિશિષ્ટ પર્ક્રિયાઓનો સમાવેશ થાય છે. સાંસ્કૃતિક ઉદ્યોગસાહસિકતા(Cultural Entrepreneurship) એ એવા ઉદ્યોગો છે જે સંસ્કૃતિને કેન્દ્રમાં રાખીને અર્થતંત્ર અને સમાજમાં મૂલ્ય ઊભું કરે છે. આ ઉદ્યોગો સાહિત્ય, સંગીત, નૃત્ય, થિયેટર, ફિલ્મ, હસ્તકલા, આર્કિટેક્ચર, ફેશન અને અન્ય સર્જનાત્મક ક્ષેત્રોને આવરી લે છે. ઐતિહાસિક રીતે, સંસ્કૃતિ સાથે જોડાયેલી ઉદ્યોગસાહસિક પ્રવૃત્તિઓએ સમાજમાં પરિવર્તન લાવવામાં ભાગ ભજવ્યો છે.

## 1.2. સાંસ્કૃતિક ઉદ્યોગસાહસિકતા એટલે શું ? :

"સાંસ્કૃતિક ઉદ્યોગસાહસિકતા એ એવી ઉદ્યોગસાહસિક પ્રવૃત્તિ છે, જેમાં વ્યક્તિ કે સંગઠન પોતાની સંસ્કૃતિ, કલા, પરંપરા, ભાષા, સાહિત્ય, હસ્તકલા, સંગીત, નૃત્ય અને અન્ય સર્જનાત્મક પ્રવૃત્તિઓનો ઉપયોગ કરીને નવો વ્યવસાય ઉભો કરે છે અથવા સામાજિક અને આર્થિક પરિવર્તન લાવે છે."

## 1.3.સાંસ્કૃતિક ઉદ્યોગસાહસિકતાના કૌશલ્ય :

### 1.3.1.સર્જનાત્મકતા અને નવીનતા (Creativity & Innovation) :

સાંસ્કૃતિક ઉદ્યોગસાહસિકતા માટે પરંપરાગત વસ્તુઓને આધુનિક સ્વરૂપ આપીને નવી પ્રોડક્ટ કે સેવાઓ માટે વિકસાવવી શકાય છે. ઉદાહરણ તરીકે કચ્છની

પરંપરાગત કઢાઈને આધુનિક ફેશન ડિઝાઇનમાં ઉપયોગ કરીને કપડાં, બેગ, ઘર-સજાવટની વસ્તુઓ તૈયાર કરી અને એને વિશ્વસ્તર સુધી ફેલાવવાનું કૌશલ્ય હોવું જોઈએ.

1.3.2. વ્યવસાયિક જ્ઞાન (Business Knowledge):

સાંસ્કૃતિક ઉદ્યોગસાહસિકતામાં માર્કેટ, ગ્રાહકની માંગ, નફો-નુકસાનનું આયોજન, માર્કેટિંગ ટેકનીક્સ વગેરેની જાણકારી હોવી જરૂરી છે. હસ્તકલાના ઉત્પાદનોને સ્થાનિક મેળામાં વેચવા કરતાં ઈ-કોમર્સ પ્લેટફોર્મ જેવા કે Amazon, Flipkart, Handmade India પર વેચીને વૈશ્વિક માર્કેટ સુધી પહોંચાડવું.

1.3.3. સંચાર અને પ્રસ્તુતિ કૌશલ્ય (Communication & Presentation Skills) :

સ્થાનિક કલાને લોકો સુધી અસરકારક રીતે રજૂ કરવીએ સાંસ્કૃતિક ઉદ્યોગસાહસિકતાનું મહત્વનું કૌશલ્ય છે. જેમ કે, એક લોકકલાકાર પોતાના કાર્યક્રમનું ડિજિટલ ટ્રેલર બનાવીને સોશિયલ મીડિયા પર શેર કરે, જેથી દર્શકો પ્રભાવિત થઈ કાર્યક્રમમાં આવે.

1.3.4.ડિજિટલ કૌશલ્ય (Digital Skills):

આજના આ આધુનિક યુગમાં સાંસ્કૃતિક ઉદ્યોગસાહસિકતાના વિકાસમાં સોશિયલ મીડિયા, માર્કેટિંગ, ઓનલાઈન સ્ટોર, ગ્રાફિક ડિઝાઇન, ડિજિટલ બ્રાન્ડિંગની જાણકારી એ જરૂરી છે. ગુજરાતના ગરબા, આદિવાસી વિસ્તારના લોક નૃત્યો, વિવિધ જ્ઞાતિઓના નૃત્યો જેને યુટ્યુબના માધ્યમથી વિશ્વસ્તર સુધી પહોંચાડવામાં આવે તો એનો ઉપયોગ કરી વ્યક્તિ આવક મેળવી શકે છે.

1.3.5. સાંસ્કૃતિક જ્ઞાન (Cultural Knowledge) :

સૌથી પહેલા વ્યક્તિમાં સાંસ્કૃતિક જ્ઞાન હોવું જરૂરી છે જેમાં પોતાની કલા, પરંપરા અને ઐતિહાસિક મહત્વના ઊંડા જ્ઞાનથી પોતાની આજુબાજુ રહેલ ઉદ્યોગનો વ્યાપારિક દૃષ્ટિએ વિકાસ કરી શકે. એક ઉદ્યોગસાહસિક ભારતીય વૈદિક સંગીતના આધારે "Meditation Music" આલ્બમ તૈયાર કરે અને વિદેશી બજારમાં વેચે.

1.3.6. સહકાર અને નેટવર્કિંગ (Collaboration & Networking) :

ભારતના વિવિધ વિસ્તારોના કલાકારો, ડિઝાઇનરો, ગૃહઉદ્યોગ સાથે સંકળાયેલા લોકો સરકારી સંસ્થાઓ, માર્કેટિંગ કંપનીઓ સાથે સહકારથી જોડાઈને પોતાની ઉત્પાદિત વસ્તુઓને વિશ્વસ્તર સુધી પહોંચાડી શકે છે. હસ્તકલા ઉત્પાદકો NGO સાથે જોડાઈને તેમના ઉત્પાદનોને વિદેશી પ્રદર્શનમાં રજૂ કરે અને એમાંથી હૂંડિયામણ મેળવી શકે છે.

1.3.7. સમસ્યા હલ કરવાની કુશળતા (Problem Solving Skills) :

એક ઉદ્યોગ સાહસિકમાં ગ્રાહકની માંગ અને વર્તમાન સમયને ધ્યાનમાં રાખીને નફાકારકતા વચ્ચે સંતુલન સાધવુંએ જરૂરી કૌશલ્ય છે. માટીના રમકડાં તૂટી જાય, લાકડાની વસ્તુ નાશવંત છે એવા સમયે પ્લાસ્ટિક માંથી એના જેવી પ્રોડક્ટ ત્યાર કરીને પણ પૈસા કમાય શકાય છે.

1.3.8. નેતૃત્વ અને વ્યવસ્થાપન (Leadership & Management Skills) :

સાંસ્કૃતિક ઉદ્યોગસાહસિકતામાં નેતૃત્વ અને વ્યવસ્થાપન માટેનું કૌશલ્ય જરૂરી છે. ગુજરાતનાં ગૃહઉદ્યોગો જેવા કે ખાખરા, અથાણું, વાંસમાંથી બનતી વસ્તુઓને કોઈ એક ટીમે સંચાલન, ઉત્પાદનનું આયોજન અને બજાર સુધી પહોંચાડયુ ત્યારે શક્ય બન્યું છે.

 ISSN: 2349-6002

1.3.9. આર્થિક વ્યવસ્થાપન (Financial Management):

વ્યક્તિ જ્યારે કોઈ નવો વ્યવસાય પસંદ કરે છે તો નફો-નુકસાનનું સંચાલન, ફંડિંગ આ બધીજ બાબતોને ધ્યાનમાં લઈને કાર્ય શરૂ કરે છે. ગુજરાતના કોઈ એક ગૃહઉદ્યોગ માટે સરકાર દ્વારા, કોઈ સસ્થાઓ દ્વારા ફંડિંગ આપવામાં આવે તો એ સ્થાનિક ઉદ્યોગોને દેશના મોટા ઉદ્યોગો સુધી પહોંચાડી શકાય છે.

1.3.10. સામાજિક જવાબદારી અને સંવેદનશીલતા (Social Responsibility & Sensitivity) :

સાંસ્કૃતિક ઉદ્યોગસાહસિકતામાં મહત્વનું કોઈ કૌશલ્ય હોય તો એ છે સામાજિક જવાબદારી અને સંવેદનશીલતા. ફક્ત નફા માટે નહિ, પણ સમાજના કલ્યાણ અને સંસ્કૃતિના જતન માટે કાર્ય કરવું સાથે સાથે એમના મૂળને જાળવી રાખવું આવશ્યક છે.

1.4. ગુજરાતના સાંસ્કૃતિક ઉદ્યોગસાહસિકતામાં સમાવિષ્ટ ઉદ્યોગ :

1.4.1. ગુજરાતના વસ્ત્રો :

ગુજરાતનો ઈતિહાસ હજારો વર્ષ જૂનો છે એવી જ રીતે ગુજરાતના સુતરાઉ, ઊની અને રેશમી વસ્ત્રવણાટ ઉદ્યોગ પણ જૂનો છે. સિંધુ અને હડપ્પન સંસ્કૃતિમાંથી પણ વસ્ત્રોના ઉપયોગની જાણકારી પ્રાપ્ત થાય છે. આ ગુજરાતમાંથી વિવિધ પ્રકારના વસ્ત્રો પ્રાપ્ત થાય છે. આ વસ્ત્રો વિવિધ વિસ્તારના નામથી આજે પ્રખ્યાત છે. જેમાં પાટણના પટોળા, જામનગરનાં નગરિયા, બાંધણી, બરૂચી બાસ્તા, ભરૂચિયા, ધોળકાનું મેઘાડંબર, માંગરોળનાં મગિયાં, વિજાપુરના પુરિયાં, અમદાવાદની અતલસ, ઐલચા, સુરતી કિનખાબ જે દેશ દુનિયામાં આજે પણ સર્વોચ્ચ સ્થાન ધરાવે છે. આપણા આ સાંસ્કૃતિક વારસાને આજે જાળવી રાખીને તેમાંથી મબલખ હૂંડિયામણ કમાઈ શકાય છે.

1.4.2. ઘરેણાં અને સૌંદર્યપ્રસાધન :

શરીર શણગાર માટેની આ પ્રથાનું પગેરું છેક હડપ્પા અને સિંધુ સભ્યતાની સંસ્કૃતિ સુધી પહોંચે છે. આ સંસ્કૃતિઓમાંથી સ્ત્રીઓ અને પુરુષો બંનેના સૌંદર્યપ્રસાધન માટેના ઉલ્લેખો જોવા મળે છે. અહીંના ખોદકામમાંથી સોનું, રૂપું, તાંબુ, કાંસુ, છીપ અને પથ્થરના કંઠહાર, દામણી, વીંટી, વલય, હારના છૂટા મણકા તેમજ ઘરેણાંના અર્ધઘડેલા નાના-મોટા નમૂના મળી આવ્યાં છે. ગુજરાતના પુરુષો કાનમાં કર્ણકુ, કોકરવા, ગળામાં ટૂંપિયો, કુલહાર, ચોરસી, ગળસવો, દોરો, કાંડે કડું અને પોંચી, આંગળીએ વેઢ અને પગમાં બેડી પહેરે છે. સ્ત્રીઓ માથામાં દામણી, નાકમાં નથણી, કાનમાં કાંપ, કોકરવા, નાકમાં નખલી, ડોકમાં રામનોમી, પંજો, બ્રેસલેટ, પગમાં વિવિધ ઘરેણાં પહેરે છે. આ ઉપરાંત ગુજરાતની મેર સ્ત્રીઓનાં ઘરેણાં, ઉત્તર ગુજરાતની આદિવાસી સ્ત્રીઓનાં ઘરેણાં, કચ્છી કોળીનાં ઘરેણાં, રબારણોનાં ઘરેણાં, સૌરાષ્ટ્રની નારીઓના ઘરેણાં, છૂંદણાં, મહેંદી, કેશગુંથણ, આંખ અને દાંતના સૌંદર્ય માટેની વિવિધ વસ્તુઓનો ઉપયોગ કરવામાં આવતો હતો.

1.4.3. ગુજરાતનું કાષ્ઠશિલ્પ :

સંસ્કૃતિના વિકાસમાં વિવિધ કળાઓનું વિશિષ્ટ પ્રદાન રહ્યું છે. જનજીવનના ફૂલબગીચામાં ખીલેલી કળાઓમાંની એક કામણગારી કળા કાષ્ટ શિલ્પસ્થાપત્ય અને કાષ્ટ કોતરણીની છે. લાકડા પર નકશીકામ કરવાની કળાપરંપરા આપણે ત્યાં અત્યંત પ્રાચીન છે. એના પ્રમાણભૂત આધારો વેદ, પુરાણ, રામાયણ, મહાભારત, કૌટિલ્યનું અર્થશાસ્ત્ર, બૃહત્સંહિતા, બૌદ્ધ સાહિત્ય અને પરદેશી મુસાફરોની નોંધપોથીઓમાંથી સાંપડે છે. ગુજરાતમાં કાષ્ટસ્થાપત્યની અપાર સમૃદ્ધિ

 ISSN: 2349-6002

પાટણ, અમદાવાદ, ખંભાત, સૂરત, ભરૂચ, સિદ્ધપુર, ઈડર, મહુવા, સંખેડા, જામનગર, રાજકોટ, વિછિયા, જસદણ, સુરેન્દ્રનગર, જૂનાગઢ, ખંભાળિયા, માંગરોળ, પોરબંદર, વઢવાણ, હળવદ, ઘોઘા, ભાવનગર, ભૂજ, રાજુલા, રાધનપુર, ભિલોડા, મહેસાણા, વડનગર, કલોલ, વિરમગામ, ધોળકા, ધંધુકા, રાણપુર, નડિયાદ, ઉમરેઠ, સોજીત્રા, ડભોઈ, છોટાઉદેપુર જેવાં નગરોમાં જોવા મળે છે.

1.4.4. ગુજરાતનું રાચરચીલું અને ગૃહસજાવટ :

ગુજરાતનું પોતાનું કહેવાય તેવું લોકસાહિત્ય, લોકસંગીત, લોકનૃત્યો, કાષ્ટ અને શિલ્પસ્થાપત્ય, પોથીચિત્રો, ભાષા, પહેરવેશ તથા રીતરિવાજો છે તેમ પોતાનું કહી શકાય એવું લોકરાચરચીલું અને ગ્રામ ગૃહસજાવટ પણ છે. ઘરોમાં પાથરવા માટે જાજમ, રાજપૂત, કાઠી-દરબારોના સુખી ઘરોમાં રંગીત ઢોલિયા, પેટી, પટારા, મજૂસ, ઘોડિયાં, હિંચકા, સાંગામાચી, ઢીંચણિયાં અને વીંજણા જોવા મળતા. આ ઘરોમાં ભાતીગળ મોતીકામ જોવા મળે. હીરભરતના ચાકળા, પછીતપાટી, શાખતોરણ, સુથિયાં અને ઝળહળતા પીત્તળના વાસણોની માંડ પટારા માથે જોવા મળે. કાઠીના ઘરની વિશિષ્ટતાઓમાં કલાપૂર્ણ પટારા ને દાબડો અવશ્ય જોવા મળે. પંડ પશુ અને પર શણગારના ભરત અને મોતીપરોવણાથી ઘર અભરે ભર્યું હોય. લોકજીવનનું આ કલાવિધાન માનવીના પંડ કે પશુશણગારો પૂરતું મર્યાદિત નથી રહ્યું, પણ કચ્છ, કાઠિયાવાડની જનજાતિયોના ઘર-ખોરડાં, ઓરડા ને ઑસરિયુંને ઓપાવવા સુધી ભરપટે વિસ્તર્યું છે. આ ઘરશણગારોમાંથી લોકકળાનું સૌંદર્ય જાણે કે સાદ પાડી ઊઠે છે.ઘરની ઓશરીને શોભવતા ચાકળા, ચંદરવા, ધરાણિયા, ટરપરિયા, ગણેશસ્થાપન, બારસાખિયાં અને ગાલમસૂરિયાં ચોપાટ, બાજોઠ, મોતીમઢેલ વીંજણા, વાંસળી, શ્રીફળ, કંકાવટી, તલવાર, ગ્રામગૃહ સજાવટનાં ઉપસ્કરણો રહ્યાં છે. બેસણ માટે રંગત ઢોલિયા એ ગામડાંનું રાચ હતું. ઢોલિયાનું પોઢણ સ્વર્ગીય આનંદની અનુભૂતિ કરાવનારૂં ગણાતું હતું.

1.4.5. લોકભરત અને મોતી પરોવણની કળા :

ભાતીગળ લોકભરત અને મનોહર મોતીગૂંથણ એ ગુજરાતનો વિશેષ કરીને કચ્છ અને સૌરાષ્ટ્રનો આગવો કલાસંસ્કાર છે. રૂપાળા રંગોથી ઓપતું કમનીય ભરત એ લોકનારીના રૂપાળા દેહ, ઘરખોરડાં અને પશુઓનો આગવો શણગાર છે. દરબારગઢમાં, ખેડુવરણના દૂબળા [ પાતળા ખોરડામાં કે માલધારીઓના નેસડામાં વસતી લોકનારીઓએ નવરાશની વેળાએ ભરતકામની મનોહર કલા ખીલવી છે. કાઠી, મેર, ગરાસિયા, આયર, મોચી, ચારણ, ભરવાડ, રબારી, જત, સતવારા, ખાંટ, કોળી, કણબી, રાજપૂત વગેરે જાતિની સ્ત્રીઓએ લોકકળાના આ વારસાને જીવની જેમ જતન કરીને જાળવી રાખ્યો છે એટલું જ નહીં, આ કળામાં અપાર વૈવિધ્ય પણ ઉમેર્યું છે. આજે તો અન્ય જ્ઞાતિની બહેનોએ પણ કચ્છ સૌરાષ્ટ્રમાં ભરતકામને વ્યવસાયી ધોરણે સ્વીકાર્યું છે.

1.4.6. ગુજરાતની ભાતીગળ ચિત્રપરંપરા :

ગુજરાત-સૌરાષ્ટ્રના કલારસિક લોકજીવનમાં ભાતીગળ ભીંતચિત્રોની પરંપરાનો એક પ્રવાહ સમથળ રીતે વહેતો જોવા મળે છે. જામનગરના લાખોટા કોઠામાં તેમ જ શિહોરના જૂના દરબારગઢની ભીંતો પર જોવા મળે છે. તેમાં પુરૂષ પાત્રોની પ્રધાનતા છે, છતાં વળાંકવળોટની પાઘડીઓ, જુદી જુદી જાતના દાઢીમૂછના થોભિયાં, અનેક જાતના જાતવંત ઘોડા વગેરેની બહુલતા ખાસ દ્રશ્યમાન થાય છે. આ બંને સ્થળોનાં ચિત્રો સૌરાષ્ટ્રની આગવી જ ચિત્ર-લઢણનાં ભીંતચિત્રો છે. આ શૈલીને 'સલાટી' કે 'શિલાવટ' શૈલી કહે છે. આ ઉપરાંત આવાં ભીંતચિત્રોની પરંપરા ખેડા જિલ્લાના વસો, કરોલી, પીજ, મહેળાવ, વડતાલ અને કરમસદથી માંડીને

 ISSN: 2349-6002

સૌરાષ્ટ્ર અને કચ્છ સુધી જોવા મળે છે. આજથી સોએક વર્ષ પૂર્વે ભીંતચિત્રોની કલા લોકજીવનમાં ખૂબ જ પ્રિય હતી. એ કાળે ચિતારાઓ દિવસે ચિત્રો દોરતા ને રાતના ગામમાં ભવાઈ રમતા. તેઓ જે ગામે ભવાઈ રમવા ગયા હોય ત્યાં ચિત્રો દોરી આપતાં હતા.

1.4.7. ગુજરાતમાં રમકડાંની પરંપરા :

બાળકોના રમકડા ગાય, બળદ, ખૂંટિયા, ગાડાં, પર સાંઢિયા ને ઢીંગલી જેવાં રમકડાં બનાવી, સુકવી એના વડે રમીને મજા કરતાં. દેવીપૂજકો અને મારવાડી લુવારિયા બાઈઓ સૂંડલામાં ઘંટીથોડા ને ડગડગિયા ગાડીઓ લઈને વેચવા આવતી. વિશ્વની પ્રત્યેક સંસ્કૃતિ પાસે પોતાનાં આગવાં રમકડા હોય છે. જેમાં તે સમયના રીત-રિવાજોનું પ્રતિબિંબ પાડે છે. બાળકોને રમવા માટે સૌ પ્રથમ રમકડા માટીના હશે એવું મનાય છે. પહેલા ઇજિપ્ત, રોમ અને ગ્રીસમાં બાળકોની કબરમાં રમકડાં મુકવાનો રિવાજ હતો. ઢીંગલી એ જગતભરના દેશોમાં બાળકોનું માનીતું રમકડું રહ્યું છે. હડપ્પા, મોહે-જો- દડો, ધોલાવીરા, લોથલ વગેરે સિંધુ ખીણની સંસ્કૃતિ વિશે જાણીએ છીએ, પણ આપણામાંથી કેટલાને ખબર છે કે આ સંસ્કૃતિ માંથી ઢગલાબંધ સુંદર રમકડાં બાળકો માટે બનાવવામાં આવતાં હતાં. મહુવાના લાકડાના રમકડા પણ બાળકોના મનોરંજન માટે અગત્યની ભૂમિકા ભજવે છે. જેમાંથી સ્થાનિક કારીગરો મબલખ આવક પ્રાપ્ત કરે છે.

1.4.8. ગુજરાતમાં ધાતુપાત્રો :

કચ્છ-સૌરાષ્ટ્રના લોકસમાજનાં ઘરખોરડાંનાં રાચરચીલાં પર ઊડતો દ્રષ્ટિપાત કરતા રંગબેરંગી રૂપકડા ઢોલિયા, હિંડોળાખાટ, બાજોઠ, મોર, પોપટ, હાથી અને પૂતળીઓ મંડિત ઢાળેલી પિત્તળની સાંકળો, કલામંડિત કળશ અને ગંગાજળિયા કાશીના લોટા, ત્રાંબાકૂંડી જેવાં જળપાત્રો, ગાગરબેડિયાં, દીપમાળાઓ, ઘાટ-સુઘાટની દીપલક્ષ્મીઓ ને સુડીઓ, પૂજાનાં પ્રણાલિકાગત ધાતુપાત્રો એક આખી ધબકતી સૃષ્ટિ નજર સામે ખડી થઈ જાય છે. સંસ્કૃતિનો વિકાસ થતાં તુંબડાં, ચામડું અને માટીનાં વાસણૌથી માનવીને સંતોષ ન થયો અને તેમાંથી કાળક્રમે તાંબું, પિત્તળ, કાંસું, જસત, એલ્યુમિનિયમ અને સોના-ચાંદીના વાસણો બનાવવાની શરૂઆત થઈ. ત્યાર પછી વાસણો બનાવવાના ધંધા ઉપરથી કારીગરોનો આખો વર્ગ ઊભો થયો, કાંસું ને તાંબા-પિત્તળનાં વાસણો ઘડનારા કારીગરોનો વર્ગ 'કસારા'ના નામે ઓળખાયો. સંસ્કૃતમાં એમને માટે 'કાંસ્યકાર' શબ્દ મળે છે. એના પરથી સમજાય છે કે શરૂઆતમાં તેઓ કાંસાનું કામ કરતા હશે.

1.5. સાંસ્કૃતિક ઉદ્યોગસાહસિકતાનું મહત્તવ :

સાંસ્કૃતિક ઉદ્યોગસાહસિકતાએ એવી પ્રક્રિયા છે જેમાં વ્યક્તિ પોતાના સાંસ્કૃતિક મૂલ્યો, પરંપરાઓ, કલા, સંગીત, સાહિત્ય, હસ્તકલા, લોકજ્ઞાન, તહેવારો વગેરેનો વ્યાપારીકરણ કરી સમાજમાં આર્થિક તથા સામાજિક વિકાસ લાવે છે. આજના યુગમાં તેનું મહત્ત્વ વધતું જાય છે. સાંસ્કૃતિક વારસાનું સંરક્ષણ કરી પરંપરાગત કલા, હસ્તકલા, લોકગીતો, નાટ્યકલાઓ અને સંસ્કૃતિને નવા રૂપમાં રજૂ કરી તેને લુપ્ત થતી બચાવી શકાય છે. સાંસ્કૃતિક ઉદ્યોગો દ્વારા રોજગારીના નવા અવસર ઊભા થાય છે જેનાથી સ્થાનિક કારીગરો, કલાકારો, ડિઝાઇનરોને બજાર મળે છે અને તેમનો આર્થિક વિકાસ થાય છે. સંસ્કૃતિ આધારિત ઉદ્યોગો પર્યટકોને આકર્ષે છે જેના થકી પર્યટન ઉદ્યોગનો પણ વિકાસ થાય છે. ગામડાંઓમાં રહેલી હસ્તકલા અને લોકકલા દ્વારા ગામડાંઓને વૈશ્વિક બજાર સાથે જોડવાની તક મળે છે. પોતાની સંસ્કૃતિને વૈશ્વિક સ્તરે રજૂ કરવાથી દેશની ઓળખ મજબૂત બને છે. ક્રિએટિવ ઉદ્યોગો જેવા કે ફેશન, ફિલ્મ, મ્યુઝિક, ડિજિટલ આર્ટ, ગેમિંગ વગેરે દ્વારા યુવાનોને નવી તકો મળે છે. વિવિધ સંસ્કૃતિઓને

 ISSN: 2349-6002

ઉદ્યોગસાહસિકતા સાથે જોડવાથી એકતા, સૌહાર્દ અને પરસ્પર સમજણ વધે છે જેનાથી સામાજિક એકતામાં વધારો થાય છે. સાંસ્કૃતિક ઉદ્યોગસાહસિકતા માત્ર નફો મેળવવાનું સાધન નથી, પરંતુ સંસ્કૃતિનું જતન, રોજગાર, પર્યટન અને વૈશ્વિક સ્તરે રાષ્ટ્રીય ગૌરવ વધારવાનો મહત્વપૂર્ણ રસ્તો છે.

1.6. સમાપન :

આમ, સાંસ્કૃતિક ઉદ્યોગસાહસિકતા ભારતના પ્રાચીન ઇતિહાસથી લઈને આજના વર્તમાન સમયને જોડવાનું કાર્ય કરે છે. સિંધુ અને હડપ્પા સમયથી વર્તમાન સમયની કલા, સંસ્કૃતિ, વારસો અને સ્થાનિક ઉદ્યોગને આજે નવું સ્વરૂપ આપીને મનુષ્ય પોતાની આજીવિકા મેળવી રહ્યો છે. ગામડામાં ઉપયોગ માં લેવાતી એક સામાન્ય વસ્તુને આધુનિક રૂપ આપી તેને દુનિયાના ખૂણે ખૂણે પહોંચાડવામાં આવ્યા છે. સાંસ્કૃતિક ઉદ્યોગસાહસિકતાના લીધે આજે આપણી સંસ્કૃતિ આપણી પ્રાચીનતા જાગ્રત છે. એમનું મહત્ત્વ જળવાઈ રહ્યું છે. એ પછી કલા હોય કે યોગ હોય, ભોજન અને વ્યજનનો હોય કે પછી આપણા પહેરવેશ હોય તેનું અસ્તિત્વ જળવાઈ રહ્યું છે.

## સંદર્ભસાહિત્ય


[1] પરીખ રસિકલાલ છોટાલાલ, શાસ્ત્રી હરિપ્રસાદ ગંગાશંકર, ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ, ખંડ 1 : ઇતિહાસની પૂર્વભૂમિકા, ભોજે વિદ્યાભવન,અમદાવાદ,1972.

[2] જાદવ જોરાવરસિંહ, ગુજરાતનો લોકકલા વૈભવ,માહિતી નિયામક, ગુજરાત રાજ્ય, ગાંધીનગર, સરકારી ફોટો લીથો પ્રેસ,અમદાવાદ. ૨૦૧૯ – ૨૦.

[3] આચાર્ય નવીનચંદ્ર આનંદીલાલ, ગુજરાતનો સાંસ્કૃતિક ઇતિહાસ ( ઈ. સ. 1304 થી 1818), યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ-6.

[4] ડિજિટલ માધ્યમો, ગૂગલ, યુટ્યુબ વગેરે....